# ગેરકાયદે દબાણો સામે તંત્રની લાલ આંખ

## સે. ૨૮ના એક ફ્લેટમાં પાર્કિંગના સ્થાને વાણિજ્ય એકમો ઉભા કરાયાનું જણાતાં તંત્રએ નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગેરકાયેદસર થતા દબાણો સામે લાલ આંખ કરવાનો નિર્ણય કર્યો છે. શહેરમાં પાર્કિંગના સ્થાનો પર દુકાનો/વાણિજયક સંકુલો શરૂ કરવાની વધતી જતી પ્રવૃત્તિને નાથવા માટે તંત્રએ આગામી દિવસોમાં આવા દબાણો હટાવવા માટેની વ્યુહરચના તૈયાર કરી અને અમલવારીનો આરંભ કરી દીધો છે.

મળતી વિગતો મુજબ સે. ૨૮ના એક ફ્લેટમાં નીચેના ભાગે પાર્કિંગના સ્થળે વાણિજ્ય એકમો સ્થાપી અને ધંધા-રોજગાર શરૂ કરવામાં આવતાં તંત્રએ પહેલીવાર દબાણ ઈજનેર જુનિ. ટાઉન પ્લાનર અને નાયબ મ્યુનિ. કમિશનરની સહિથી નોટીસ ફટકારી છે.

આ નોટીસનો જવાબ સાત દિવસમાં આપવાની મુદત આપવામાં આવી છે. નોટીસમાં મંજૂરી વગર થયેલા બાંધકામને દૂર કરવા અથવા તોડી નાખવાની સાથે ખુલાસો આપવા જણાવાયુ છે.

ગાંધીનગર શહેરમાં હેતુફેર ઉપરાંત પાર્કિંગની જગ્યામાં દુકાનો તથા બેઝમેન્ટના વાણિજિયક વપરાશના સંખ્યાબંધ કિસ્સાઓ બહાર આવ્યા છે. આ ઉપરાંત શહેરમાં ઘણા બધા સ્થાનો પર પાર્કિંગની સમસ્યા પણ ઉભરી આવી છે.

ગાંધીનગર શહેરમાં મનપાના તંત્ર દ્વારા પહેલીવાર ત્રણ-ત્રણ અધિકારીઓની સહિ સાથે પાઠવવામાં આવી હોવાથી આ આખીય બાબત ટોક ઓફ ધી ટાઉન બની છે.

ગાંધીનગર શહેરમાં દબાણોની સમસ્યા જે રીતે વકરી રહી છે તેને અગ્રતા આપી તંત્રએ હવે લાલ આંખ કરવાના લીધેલા નિર્ણયથી નગરવાસીઓ પણ ચોંકી ઉઠ્યા છે. શહેરમાં ઘણા સમય પછી દબાણને લઈ ઝુંબેશ શરૂ કરવામાં આવનાર હોવાથી દબાણકર્તાઓમાં ફફડાટ પણ જોવા મળી રહ્યો છે.

# આજથી સેક્ટર-૨૧ આઈનોક્સ થીયેટર ૧૫ માસ બાદ શરૂ થશે



ગાંધીનગર, તા.૨૯

કોરોનાની વૈશ્વિક મહામારીના પગલે છેલ્લા દોઢેક વર્ષથી સિનેમાઘરો બંધ હાલતમાં છે. કોરોનાનો કહેર હળવો થતાં સરકાર દ્વારા આપવામાં આવેલી છૂટછાટના પગલે ગાંધીનગરમાં આવેલા ચાર થીયેટર પૈકી એક થીયેટર ખુલવા જઈ રહ્યું છે. સેકટર-૨૧માં આઈનોકસ આર-૨૧ શુક્રવારથી શરૂ કરવામાં આવશે. લોકોનો મનોરંજન માટેનો રસ્તો ખુલી રહ્યો છે. છેલ્લા દોઢ વર્ષથી શહેરીજનો બીગ સ્કીનમાં મૂવી જોવા નહીં મળતા નિરાશ થયા હતા જેમની નિરાશાનો અંત આવી ગયો છે. સરકારની ગાઈડલાઈન મુજબ જીમ, સ્વીમીંગ પુલ, હોટલો, સલૂન વગેરે ખુલી ગયા છે જયારે ફકત સિનેમાઘરોમાં જ તાળા જોવા મળતા હતા કારણકે હાલમાં કોઈ નવી ફિલ્મો રિલિઝ થઈ નથી તેથી સંચાલકો દ્વારા નિર્ણય કરાતા વર્તમાન સમયમાં એક સિનેમાઘરની શુભ શરૂઆત કરવામાં આવશે તેમાં કેટલા પ્રેક્ષકો આવે છે કે કેમ? તે અને બીજી તમામ પરિસ્થિતિને ધ્યાનમાં લીધા બાદ અન્ય સિનેમાઘરો ખોલવાની વિચારણા ચાલી રહી છે. ગાંધીનગરાઓ ફિલ્મ જોવાના ખૂબ જ શોખીન છે તેથી ફિલ્મ ગુજરાતી હોય કે ઈંગ્લિશનું હિન્દી વર્ઝન કરેલી ફિલ્મ હોય શોખીન લોકો બીગ સ્કીનમાં ફિલ્મો નિહાળવા માટે ચોકકસથી જવાના જ. જયારે સેકટર-૧૬ (આર વર્લ્ડ), સેકટર-૧૧ (સિનેમેકસ) અને સીટીપલ્સ સહિતના સિનેમાઘરોના સંચાલકો પણ આગામી ઓગષ્ટના પ્રથમ સપ્તાહ બાદથી સિનેમાઘરો ખોલવા બાબતે વિચારણા કરી રહ્યા છે.

૨૮ મેના રોજ હોલીવુડની ફિલ્મ 'એ કવાઈટ પેલેસ પાર્ટ-૨' રિલીઝ થઈ જેમાં ૨૨.૬ મિલિયન ડોલરની આવક થઈ છે. જેનો અર્થ થયો લોકો ફિલ્મો જોવા ઉતાવળા છે. તે જ રીતે આપણા શહેરીજનો, દર્શકો પણ બિગ સ્ક્રીનથી દૂર જઈ શકે તેમ નથી. આગામી મહિનામાં બિગસ્ક્રીનનો ચાર્મ ફરી ખીલી ઉઠશે એ નિશ્ચિત છે. સે-૨૧ આઈનોકસ સિનેમાઘરમાં કુલ ૬ સ્ક્રીન છે. જેમાંથી બે સ્ક્રીન હાલમાં બંધ રાખવામાં આવશે. દર્શકોને જોવા માટે એક ઈંગ્લીશ ફિલ્મ MORAL KIMBAT, બે હિન્દી ફિલ્મ MUMBAI SAGA અને GODZILLA Vs. KONG, એક ગુજરાતી ફિલ્મ CHAAL JEEVI LAIYE રજુ કરવામાં આવશે. જેમાં બાળકોને પણ ફિલ્મ જોવાની મજા આવશે.

### કોવિડની ગાઈડલાઈનનું પાલન કરવું પડશે

આજથી સિનેમાઘરો ખુલી રહ્યા છે જેમાં સરકારની ગાઈલાઈનનું પાલન ફરજીયાત પણે કરવાનું રહેશે. સિનેમાઘરોમાં આવતા લોકોએ માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે અને સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે મુજબ બેઠક વ્યવસ્થા કરવાની રહેશે. સંચાલકો દ્વારા ખાસ તકેદારીના ભાગરૂપે સેનીટાઈઝેશન અને ટેમ્પરેચર ચેકિંગ સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. ઉપરાંત રાત્રિ કર્ફયુને ધ્યાને લઈને લોકો રાત્રે ૧૧ વાગ્યા પૂર્વે શાંતિથી ઘરે પહોંચી જાય તે રીતે શોનું આયોજન કરવામાં આવશે.

# શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નહિ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી તેમજ ૧૦ કેસો જે એકટીવ કેસો સારવાર હેઠળ છે તેમાંથી કોઈને ડિસ્ચાર્જ આપવામાં આવેલ નથી.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫મીથી આજ સુધીમાં એક પણ કેસ નોંધાયો નથી. ૨૪મીએ દહેગામ તાલુકામાં ૪ કેસ નોંધાયા હતા જે નોંધનીય છે.

ગાંધીનગર શહેરમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. સપ્તાહમાં બીજીવાર આવુ થયુ છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ છે અને સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં રિકવરી રેટ ૮૫ ટકાની આસપાસ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું ટેસ્ટીંગ પણ નિયમિત ચાલુ હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ૧૫૦૦ થી ૧૬૦૦ લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવે છે. આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગ વધારે કરવામાં આવતુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.



વરસાદનો મેઘાવી માહોલ... જે પ્રમાણે વરસાદી વાદળો શહેરના આકાશમાં જોવા મળી રહ્યા છે તે પ્રમાણે વરસાદ વરસતો નથી છતાં સતત છવાયેલુ મેઘાવી વરસાદી વાતાવરણ સારા વરસાદની આશાને જીવંત રાખે છે. આકાશમાંથી વરસતા ઝરમર વરસાદે શહેરને એકદમ હિલસ્ટેશન જેવુ બનાવી દીધુ છે. ઠેર ઠેર ઘાસ ઉગી નીકળ્યુ છે અને લીલા વૃક્ષો વધુ તરોતાજા લાગી રહ્યાં છે. શહેરના માર્ગો પર વહેલી સવારે કે સાંજે ફરો એટલે જાણે કોઈ હિલસ્ટેશન પર આવી ગયા હોય તેવુ લાગે છે. વરસાદી વાતાવરણ શહેરને એકદમ રંગીન બનાવી દીધુ છે. વરસાદી વાતાવરણને શહેરીજનો ખૂબ માણી રહ્યા છે.

# ગુડાના ૧૫ જેટલા કર્મયોગીઓને મનપા દ્વારા પ્રતિનિયુક્તિ પર મેળવવાની કવાયત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગુડાના ૧૫થી વધુ કર્મચારીઓને પ્રતિ નિયુક્તીથી મનપામાં ફાળવવા માટેની દરખાસ્ત મનપાના તંત્ર દ્વારા તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

ગુડા-ઔડા વિસ્તારની હદમાં આવેલા ગ્રામ્ય વિસ્તારને ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવ્યા બાદ આ વિસ્તારના વિકાસ અને અન્ય તકનીકી કામો માટે આ કર્મયોગીઓને ફાળવવા ગુડાને પત્ર લખી દરખાસ્ત કરવામાં આવશે.

ગુડા-ઔડા વિસ્તારમાં હાલ ચાલતી વિકાસ પરવાનગીઓની કામગીરી તેમના બી.યુ. પરમિશન સહિતની કામગીરી માટે હાલ મનપા પાસે ઘણો ઓછો તકનીકી સ્ટાફ છે.

મળતી વિગતો પ્રમાણે આવી ૫૦૦ જેટલી ફાઈલો ગુડા-ઔડામાં ચાલે છે. આ ફાઈલો લેવાની કામગીરી તેમજ તેની જાળવણી-નિભાવણી સહિતની

● અનુસંધાન પાન-૭ પર

# વેક્સિનેશન અભિયાનમાં ૩૪ ગામોમાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન

## ગાંધીનગરના ૩, માણસાના ૨૦, દહેગામના ૩ અને કલોલના ૮ ગામમાં વેક્સિનેશનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ : ૭ ઓગષ્ટ સુધીમાં ૧૦૦ ગામો ૧૦૦ ટકા સિદ્ધિનું તંત્રનું લક્ષ્યાંક

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ૩૪ ગામોમાં ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને ૭મી ઓગષ્ટ સુધીમાં ૧૦૦ ગામોમાં આ કામગીરી પુરૂ કરવાનું લક્ષ્યાંક તંત્રએ રાખ્યુ છે.

જિલ્લામાં અગાઉ પાંચ ગામોનું પ્રથમ તબક્કામાં વેક્સિનેશન ૧૦૦ ટકા થયુ હતુ. આ પછી બીજા ૧૮ ગામોમાં ૧૦૦ ટકા વેક્સિનેશન પૂર્ણ થતાં તંત્રએ આ અભિયાનને વધુ સઘન કર્યુ હતુ. હવે જિલ્લામાં વધુ ૧૮ ગામોમાં આ ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી થઈ છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૩, માણસામાં ૨૦, કલોલમાં ૮ અને દહેગામમાં ૩ ગામોમાં કોરોનાના પ્રતિકાર માટે વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારની ૯ બાંધકામ સાઈટો પરથી મચ્છરોના બ્રિડીંગ મળતાં નોટીસ

## ગ્રામ્ય વિસ્તારની ૮૨ બાંધકામ સાઈટોના ૧૭૦૦થી વધુ સ્થાનો મચ્છર ઉત્પત્તિના શોધી ચકાસણી કરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમો આજે ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી ૮૨ જેટલી બાંધકામ સાઈટો પર ત્રાટકી હતી.

ગાંધીનગર જિલ્લા મેલેરિયાતંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી ચોથા દિવસે પણ આગળ ચાલી હતી. તંત્રની ટીમોએ આજે ૮૨ બાંધકામ સાઈટ પર ૧૭૦૦ થી વધુ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરી હતી. જેમાંથી ૬૮ જગ્યા પર મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમોને ૯ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટ પર વધુ પડતા મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં સાઈટ સંચાલકોને નોટીસ પણ થમાવી હતી.

તંત્રની ટીમો દ્વારા આજે ૮૨ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલક/સુપરવાઈઝરને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરી અને આગામી દિવસોમાં સર્વેલન્સ દરમ્યાન મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવવી તેમજ શું શું બાબતો વાહકજન્ય રોગચાળો વધે નહિ માટે ધ્યાન રાખવુ તે વિશે વિશેષ તાલિમ પણ આપી હતી.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે ચોમાસાના આરંભે જ તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. છેલ્લા ચાર દિવસમાં ૨૨૦૦થી વધુ સ્થાનો પર મચ્છરોના પોરા મળી આવ્યા છે. તંત્રએ હાલ તો નોટીસો પાઠવી છે. આગામી દિવસોમાં દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના માર્ગો વચાળે સ્થિત સર્કલો રખડતા ઢોરનો અડ્ડો બન્યા

## વિવિધ થીમ પર ડેવલપ કરાયેલા સર્કલોની જાળવણી ન થતાં કંગાળ દ્રશ્યો : સર્કલોની હાલત પણ ફુટપાથ જેવી થશે, શહેરીજનોમાં આક્રોશ



ગાંધીનગર તા ૨૯

શહેરની સુંદરતામાં વધારો કરવા વિવિધ થીમ આધારિત સર્કલો વિકસાવાયા છે. સર્કલોની જાળવણી માટે વિવિધ સંસ્થાઓને સમયાંતરે જવાબદારી સોંપવામાં આવે છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરજનોના આકર્ષણનુ કેન્દ્ર બનતા સર્કલો હવે કંગાળ બનવા તરફ છે. હાલ સર્કલોમાં ખદબદતી ગંદકી વચ્ચે રખડતા ઢોર જોવા મળી રહ્યા છે.

શહેરમાં માર્ગોની જાળવણી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. વરસાદી દિવસોના અંતે પણ માર્ગોની નુકસાનીનો અંદાજ મેળવી ગાબડા પુરવા સહીત પેવરકામ પણ હાથ ધરાય છે. પરંતુ ફુટપાથની જેમ નગરના માર્ગ વચાળે સ્થિત સર્કલો પણ હવે કંગાળ બન્યા છે. એક સમયે શહેરના મુખ્યમાર્ગો પર આંગળીના વેઢે ગણાય તેટલા જ સર્કલોનુ અસ્તિત્વ હતુ પરંતુ તબક્કવાર માર્ગ વાઈડનીંગના અંતે નવા સર્કલો પણ અસ્તિત્વમાં આવ્યા જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં નિર્માણ પામેલ સ્વર્ણિમ પાર્કની સાથે નગરના માર્ગો તેમજ સર્કલોનુ પણ નવુ નામાભિધાન કરવામાં આવ્યુ હતુ. સર્કલોને વિકસાવવા તેમજ તેની સુંદરતા નિખારવા પાટનગર યોજના ભવન દ્વારા વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. જયારે સમયાંતરે સર્કલોની જાળવણીના મામલે આ સંસ્થાઓનો કોન્ટ્રાકટ રીન્યુ પણ કરી દેવામાં આવે છે. શહેરના માર્ગ વચાળે સ્થિત સર્કલોને અલગ અલગ થીમ પર વિકસાવાયા છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી જાળવણીના અભાવે હવે સર્કલો આકર્ષણ

# સેકટરોમાં રહેણાંકને લાયક મકાનો નથી તંત્રના ચોપડે ૧૫૦૦ની પ્રતિક્ષા યાદી

## સે-૬ માં નવા આવાસોનું ઝડપથી લોકાર્પણ કરવા માટે માંગણી : જેટલા નવા આવાસો બને છે તેની સામે જોખમી મકાનોની સંખ્યા વધતી જાય છે

ગાંધીનગર તા ૨૯

શહેરમાં સરકારી આવાસના મામલે તંત્રની એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. સે-૬ માં નવા આવાસો તૈયાર થયા બાદ હજુ લોકાર્પણમાં વિલંબ થઈ રહ્યો છે. ત્યારે નવા મકાનો બને છે તેની સામે સતત જોખમી મકાનોની સંખ્યા વધતી જાય છે. જેના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ વધુ મુશ્કેલ બન્યુ છે. હાલની સ્થિતિએ આવાસ માટે અંદાજિત ૧૫૦૦ ની પ્રતિક્ષા યાદી છે.

શહેરમાં વિવિધ કેટેગરીના સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક આવાસો નહીંવત બચ્યા છે. અલબત્ત મોટાભાગના આવાસો જોખમી સ્થિતિમાં છે. અગાઉ થયેલા સર્વે મુજબ પણ શહેરના જુદા જુદા સેકટરોમાં વિવિધ કક્ષાના અંદાજિત ૪ હજાર જેટલા મકાનો જોખમી છે. જયારે આ મકાનોમાં પણ હજુ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોનો વસવાટ છે. ત્યારે જોખમી મકાનો તોડવા માટે હાલ આ આવાસો ખાલી કરાવાનુ કામ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. નવા આવાસો બનતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. શહેરમાં સે-૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે આ આવાસોમાં હાલ કર્મચારીઓનો વસવાટ પણ છે. પરંતુ સે-૬ માં નવ નિર્મિત આવાસોનુ લોકાર્પણ હજુ થયુ નથી જેના લીધે આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી હજુ પણ હળવી થઈ નથી. આવાસ ફાળવણી માટે તંત્રના ચોપડે અંદાજિત ૧૫૦૦ ની પ્રતિક્ષા યાદી છે. જયારે નવા આવાસો ફાળવવામાં આવે તો પણ પ્રતિક્ષા યાદી જીરો થઈ શકે તેમ નથી બીજીતરફ જુના અને કંગાળ મકાનો તોડવાની સાથે સેકટરોમાં કેટલાક બ્લોક મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવામાં આવે છે. જેના લીધે આવાસમાં રહેતા પરિવારોને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.એકબાજુ સેકટરોમાં આવાસ ફાળવવા માટે ડિમાન્ડ વધતી જાય છે. જયારે માર્ગ મકાન વિભાગ પાસે પ્રતિક્ષા યાદીને ન્યાય આપવા તેમજ આવાસ તોડવાના મામલે કર્મચારીઓને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવા માટે મકાનો ઉપલબ્ધ નથી.


**SHARE INDIA SECURITIES LIMITED**

CIN: L67120GJ1994PLC115132

Registered Office: Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower-A, World Trade Center, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City Gandhinagar, Gujarat-382355, Tel: 0120-4910000, Website: www.shareindia.com, Email: vikas_cs@shareindia.com

**EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2021**

Amount in Lacs except EPS

| Sr. No. | Particulars | Quarter Ended 30.06.2021 | Quarter Ended 31.03.2021 | Quarter Ended 30.06.2020 | Financial Year Ended 31.03.2021 |
|---|---|---|---|---|---|
| | | Unaudited | Audited | Unaudited | Audited |
| 1 | Total income from operations | 14,958.03 | 19,149.14 | 7,650.50 | 44,795.43 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items) | 4,499.37 | 4,589.55 | 1,778.93 | 10,342.93 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 4,499.37 | 4,589.55 | 1,778.93 | 10,342.93 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 3,418.20 | 3,581.89 | 1,345.92 | 8,075.13 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax) | 3,381.50 | 3,875.79 | 1,349.73 | 9,431.20 |
| 6 | Paid up Equity Share Capital (Face Value ₹10/-) | 3,190.66 | 3,190.66 | 3,190.66 | 3,190.66 |
| 7 | Earning Per Share (of ₹10/- each) Basic and diluted | 10.71 | 11.23 | 4.22 | 25.31 |

**Notes: (1)** The above is an extract of the detailed format of result for Quarter ended June 30, 2021 filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015. The full format of the said results are available on the website of BSE at **www.bseindia.com** as well as on the Company's website at **www.shareindia.com**

**(2)** The key information of Standalone Financial Results for the quarter ended 30th June, 2021 are as follows:

| Particulars | Quarter Ended 30.06.2021 | Quarter Ended 31.03.2021 | Quarter Ended 30.06.2020 | Financial Year Ended 31.03.2021 |
|---|---|---|---|---|
| Turnover | 11,751.98 | 15,075.48 | 6,971.27 | 38,279.51 |
| Profit Before Tax | 3,205.70 | 3,691.55 | 1,495.22 | 8,564.70 |
| Profit after tax | 2,414.62 | 2,966.74 | 1,118.39 | 6,732.87 |

**(3)** The standalone and consolidated figures for revenue from operations for FY21 and Q4 FY21 were adjusted for STT directly as this is a direct expense. Consequently, Q1 FY21 figures for revenue from operation and expenses items have also been updated to arrive at the comparable figures. STT subtracted from Revenue from operation and Expenses items in Consolidated and Standalone results for Q1 FY21 are INR 1,831.98 Lacs.

**(4)** Share India Securities Limited including its subsidiary companies are engaged in the business of trading securities and investments wherein interest income and dividend income are a part of operational income. Thus, consolidated and standalone figures for revenue from operations for FY21 and Q4FY21 were adjusted for the same. Consequently, Q1 FY21 figures for revenue from operation and other income items have also been updated to arrive at the comparable figures. Interest and dividend incomes added to revenue from operations by shifting the same from other incomes item for Q1 FY21 in respect of consolidated results are INR 333.43 Lacs and INR 0.02 Lacs respectively while the same figures in respect of standalone results are INR 319.41 Lacs and NIL respectively.

By order of the Board
For Share India Securities Limited
Sd/-
Parveen Gupta
Managing Director
DIN : 00013926

Place : Noida, U.P.
Date : 28.07.2021



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com